**સ્થાનિક સ્વરાજની ચૂટણીમાં પાદરા નગરપાલિકા અને પંચાયતો માટે રસાકસી : હવે ર૬મીએ જનતા જનાર્દનનો ફેંસલો**

## પ્રચાર પૂરો, હવે મતદાનની પ્રતિક્ષા:પાદરામાં રાજકીય ગરમાવો

**તાલુકાની** 26 અને જિલ્લાની 6 બેઠકો માટે પ્રચાર પડઘમ શાંત

(પ્રતિનિધિ) પાદરા, તા.24

પાદરા નગરપાલિકા, તાલુકા પંચાયત અને વડોદરા જિલ્લા પંચાયતની ૨૬ એપ્રીલ ૨૦૨૬ ના રોજ યોજાનાર ચૂંટણી ના જાહેરમાં થતા પ્રચાર - પડઘમ સાંજે ૬ વાગે શાંત થઇ ગયા હતા. જેને લઈને રાજકીય ગરમાવો તેજ પ્રચાર પૂર્ણ, હવે મતદાન પર સૌની નજર. પાદરા તાલુકા સહિત સમગ્ર ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને છેલ્લા કેટલાક દિવસોથી રાજકીય માહોલ ગરમાયો હતો. પાદરા નગરપાલિકા, તાલુકા પંચાયત અને વડોદરા જિલ્લા પંચાયતની બેઠકો માટે વિવિધ ભાજપ, કોંગ્રેસ, આપ અને અપક્ષ ઉમેદવારો દ્વારા જોરશોરથી પ્રચાર અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આજે સાંજે ૬ કલાકે ચૂંટણી પ્રચાર પૂર્ણ થતા હવે ઉમેદવારો અને મતદારોની નજર મતદાન પ્રક્રિયા પર કેન્દ્રિત થઈ છે.

ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે ભાજપ, કોંગ્રેસ, આમ આદમી પાર્ટી સહિતના રાજકીય પક્ષો અને અપક્ષના ઉમેદવારો દ્વારા પોતાના વિસ્તારમાં શક્તિપ્રદર્શન કરવામાં આવ્યું હતું. વિવિધ વિસ્તારોમાં રોડ શો, જાહેર સભાઓ, ડોર-ટુ-ડોર સંપર્ક અભિયાન અને નાના જૂથોમાં બેઠકો યોજી મતદારો સુધી પહોંચવાનો અંતિમ પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઉમેદવારો પોતાના વોર્ડ અને ગ્રામ્ય વિસ્તારોમાં કાર્યકરો સાથે સક્રિય રહી મતદારોને પોતાના પક્ષમાં મતદાન કરવા અનુરોધ કરતા જોવા મળ્યા હતા. પાદરા નગરપાલિકાની ચૂંટણીને લઈને શહેરમાં વિશેષ રાજકીય ચહલપહલ જોવા મળી રહી છે. શહેરના અલગ-અલગ ૫ વોર્ડોમાં યોજાનારી ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા ઘરઘર સંપર્ક કરવામાં આવ્યો હતો. વેપારીઓ, યુવાનો, મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો સાથે મુલાકાત કરી સ્થાનિક પ્રશ્નો, વિકાસના મુદ્દાઓ અને આગામી પાંચ વર્ષના આયોજન અંગે મતદારોને વિશ્વાસમાં લેવા પ્રયાસ કરવામાં આવ્યો હતો. પાદરા તાલુકા પંચાયતની ૨૬ બેઠકો માટે ગ્રામ્ય વિસ્તારોમાં ચૂંટણી પ્રચાર વધુ તેજ રહ્યો હતો. ગામડાઓમાં નાના મંડપો, સમાજવાડીઓ અને જાહેર સ્થળોએ બેઠકો યોજાઈ હતી. ખેડૂતો, પશુપાલકો અને ગ્રામ્ય વિસ્તારના લોકો માટે રસ્તા, પાણી, આરોગ્ય અને શિક્ષણ જેવા મુદ્દાઓ ચૂંટણીના કેન્દ્રમાં રહ્યા હતા. ઉમેદવારો ગ્રામ્ય મતદારો સાથે સીધી મુલાકાત કરી વિકાસના વચનો આપી રહ્યા હતા. વડોદરા જિલ્લા પંચાયતની પાદરાની ૬ બેઠકો માટે ચૂંટણીમાં જિલ્લાસ્તરીય મુદ્દાઓ પ્રચાર દરમિયાન મુખ્ય રહ્યા હતા.

દરેક પક્ષ પોતાના મતદારો વધુમાં વધુ મતદાન કરે તે માટે અંતિમ આયોજન કરી રહ્યો છે.

### જિલ્લા પંચાયતની પ્રતિષ્ઠાભરી જંગમાં હવે મતદાનની પ્રતીક્ષા

જિલ્લાસ્તરે માર્ગ સુવિધા, આરોગ્ય સેવાઓ, શાળા સુવિધા, ગ્રામ વિકાસ યોજના અને સરકારી યોજનાઓના અમલ જેવા મુદ્દાઓ પર ચર્ચા થઇ હતી. રાજકીય પક્ષો અને અપક્ષ ઉમેદવારોએ જિલ્લા પંચાયતની બેઠકોને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી પોતાના પ્રભાવ ક્ષેત્રોમાં પ્રચાર વધાર્યો હતો. પ્રચારના અંતિમ દિવસે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં ભારે અવરજવર જોવા મળી હતી. ઉમેદવારોના સમર્થકો દ્વારા બાઇક રેલી, નાના કાફલા અને જાહેર સંપર્ક કાર્યક્રમો યોજાતા કેટલાક વિસ્તારોમાં ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ હતી. પોલીસ અને સ્થાનિક તંત્ર દ્વારા ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે વધારાનો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

ચૂંટણી પંચના નિયમો અનુસાર મતદાન પૂર્વે 48 કલાકનો શાંત સમય અમલમાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન જાહેર સભા, રેલી, રોડ શો અને ચૂંટણી પ્રચારાત્મક કાર્યક્રમો પર પ્રતિબંધ રહેશે. સોશિયલ મીડિયા મારફતે થતા પ્રચાર પર પણ ચૂંટણી તંત્ર દ્વારા નજર રાખવામાં આવી રહી છે. ઉમેદવારો અને પક્ષોને આચાર સંહિતાનું પાલન કરવા સૂચનાઓ આપવામાં આવી છે.

## દાહોદ જિલ્લામાં ચૂંટણીની તૈયારીઓ પૂર્ણ

**જિલ્લા ચૂંટણી** અધિકારીના અધ્યક્ષ સ્થાને યોજાઈ પત્રકાર પરિષદ

(પ્રતિનિધિ) દાહોદ, તા.24

દાહોદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી ૨૬ મી એપ્રિલએ યોજાનાર ચૂંટણી વખતે નાગરિકો ૧૦૦% મતદાન કરે એ માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે. દાહોદ જિલ્લા સેવા સદન છાપરી ખાતે જિલ્લા કલેકટર તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેની અધ્યક્ષતા હેઠળ પત્રકાર પરિષદ યોજવામાં આવી હતી.

આ દરમ્યાન જિલ્લા કલેકટર તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી યોગેશ નિરગુડેએ ચોથા સ્તંભ તરીકે એક જવાબદાર પત્રકાર તરીકેની જવાબદારી નિભાવવા અનુરોધ કરતા કહ્યું હતું કે, નાગરિકો લોકશાહી ના આ પર્વને અન્ય તહેવારોની જેમ ઉજવે અને ૧૦૦% મતદાન કરીને લોકશાહીના આ પર્વની ઉજવણી કરે.

જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી રવિરાજસિંહ જાડેજાએ કહ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે એ હેતુથી ટેક્નોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવશે. શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન થાય અને લોકો નિર્ભય બનીને મતદાન કરી શકે એ માટે જિલ્લા પોલીસ સજ્જ છે. લોકશાહી એ મોટો પર્વ હોવાથી પત્રકારો ખરાઈ કર્યા વિના, અફવા, અધૂરી વિગત, ખોટી માહિતી ના ફેલાય એ માટેની તકેદારી રાખે એ જરૂરી છે.

**પોલીસ તપાસ તેજ: યુવાનની હત્યાથી એકલબારા ગામમાં સન્નાટો**

## એકલબારામાં યુવાનની શંકાસ્પદ હાલતમાં લોહીલુહાણ લાશ મળી

**મોબાઈલ** પર છેલ્લી વાત અને પછી મોત: છોટાઉદેપુરના એકલબારાની ઘટના

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.24

છોટાઉદેપુર જિલ્લાના એકલબારા ગામમાં આજે એક હૃદયદ્રાવક ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. એક યુવાનનો શંકાસ્પદ હાલતમાં લોહીલુહાણ મૃતદેહ મળી આવતા ગ્રામજનોમાં ભય અને આક્રોશનો માહોલ જોવા મળી રહ્યો છે. યુવાનના શરીર પરના ઘા જોતા પ્રાથમિક દ્રષ્ટિએ આ ઘાતકી હત્યા હોવાની પ્રબળ આશંકા સેવાઈ રહી છે.



મળતી માહિતી મુજબ, મૃતક યુવાન ગત સાંજે પોતાના ઘરે પરિવાર સાથે હતો. તે સમયે તેના મોબાઈલ પર કોઈ અજાણ્યા વ્યક્તિનો ફોન આવ્યો હતો. ફોન પર વાત કર્યા બાદ યુવાન "હું હમણાં આવું છું" તેમ કહીને ઘરેથી નીકળ્યો હતો. જોકે, મોડી રાત સુધી તે પરત ન ફરતા પરિવારજનોએ તેની શોધખોળ આદરી હતી, પરંતુ તેનો કોઈ પત્તો લાગ્યો નહોતો.

કોતર પાસેથી મળ્યો મૃતદેહ: આજે સવારે એકલબારા ગામની સીમમાં આવેલી કોતર પાસે સ્થાનિકોએ એક યુવાનનો મૃતદેહ જોતા પોલીસને જાણ કરી હતી. ઘટનાસ્થળે પહોંચેલા પરિવારજનોએ મૃતકની ઓળખ કરી હતી. મૃતકની હાલત અત્યંત દર્દનાક હતી; તેના ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ગંભીર ઘા હતા અને હાથની એક આંગળી પણ કપાયેલી હાલતમાં મળી આવી હતી. ઘટનાસ્થળની સ્થિતિ જોતા એવું લાગી રહ્યું છે કે યુવાનની નિર્મમ હત્યા કરવામાં આવી છે.

બનાવની જાણ થતા જ છોટાઉદેપુર પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હોસ્પિટલ ખસેડ્યો છે.

## દશાલાડ સમાજ ટ્રસ્ટ દ્વારા મહાપ્રભુજીના પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી કરાઈ

**મહાપ્રભુજી** પ્રાગટ્ય મહોત્સવ: ગો.શ્રી અભિષેકલાલજી મહારાજશ્રીનું સન્માન અને મેડિકલ કેમ્પ

(પ્રતિનિધિ) કાલોલ, તા.24

કાલોલ તા ૨૪/૦૪/૨૬ શ્રી કાલોલ દશાલાડ સમાજ ટ્રસ્ટ દ્વારા તા. ૧૮મીએ શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના ૫૪૯માં પ્રાગટ્ય મહોત્સવની ઉજવણી કરવામાં આવી. ગો. ૧૦૮ શ્રી અભિષેકલાલજી મહારાજશ્રી (રાજકોટ-કાલોલ-મથુરા) ના સાનિધ્યમાં નાગેશ્વર મહાદેવના પટાંગણમાં આ મહોત્સવ ઉજવાયો હતો.સમાજના ૧૫૦૦થી વધુ વૈષ્ણવોએ વચનામૃત તેમજ પ્રસાદીનો લાભ લીધો અને ભક્તિમાં તરબોળ થયા.આ પ્રસંગે ગો. ૧૦૮ શ્રી અભિષેકલાલજી મહારાજશ્રીને ફ્રાન્સની કેનેડી યુનિવર્સિટી દ્વારા 'ડોક્ટરેટ'ની માનદ પદવી એનાયત થવા બદલ સમાજ તરફથી તેમનું સન્માન કરવામાં આવ્યું. મહારાજશ્રીની ૨૬ વર્ષની નિ:સ્વાર્થ સમાજ સેવા તેમજ ગૌ-સેવાને બિરદાવવા માટે તેમને મોમેન્ટો આપવામાં આવ્યો હતો.આ પ્રસંગે સવારે મેડિકલ કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું હતું, જેમાં ૧૧૦ જ્ઞાતિજનોએ લાભ લીધો.સમાજના નવા કાર્યાલયમાં પધરામણી તેમજ શોભાયાત્રાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.



**જિલ્લો બન્યા ને 12 વર્ષ પછી પણ બ્લડ બેંક નથી !**

## છોટાઉદેપુરમાં રેડ ક્રોસ સોસાયટી અને બ્લડ બેંકના નામે કેવળ ધૂપ્પલ!!

**DMFમાં** થી કરોડોનું ફંડ મંજૂર, લાખોનો ખર્ચ, છતાં બધું અધ્ધરતાલ !!

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.24

છોટાઉદેપુર જિલ્લા ની સ્થાપના ને 12 વર્ષ જેટલો સમય થયો છે. અધિકારીઓ ના ભ્રષ્ટ વહીવટ અને માયકાંગલી નેતાગીરી ના પાપે આજે પણ જિલ્લા માં બ્લડ બેંક કાર્યરત નથી ! DMF નામ નું એક ફંડ છે જેમાં પ્રજા ના હક્ક ના નાણા છે અને તે આવા વિકાસ ના કામો માટે વાપરવા ના હોય છે. વર્ષ 2019 માં આ ફંડ માં થી 4 કરોડ જેવી માતબર રકમ થી જિલ્લા ની બ્લડ બેંક મંજૂર થઈ હતી. અંધાધૂંધી માં જનરલ હોસ્પિટલ પાસે એક જૂના જર્જરીત બિલ્ડિંગ માં જગ્યા પણ આપવા માં આવી. જગ્યા ની ફાળવણી ના ઓફિશિયલ પ્રક્રિયા કે આદેશ થયા છે જે કેમ તે એક રહસ્ય છે.




આ જૂના અને જર્જરીત બિલ્ડિંગ ના સિવિલ વર્ક અને રિનોવેશન ના નામે 50 લાખ કરતા વધારે રકમ નો ખર્ચો કરવામાં આવ્યો. દીવાલો ની તોડફોડ કરી કરોડો રૂપિયા ની મશીનરી પણ મૂકવામાં આવી. ત્યારબાદ રહસ્યમય રીતે આ મશીનરી પાછી હટાવી લેવામાં આવી? ખરેખર લશ્કર ક્યાં લડે છે તે કોઈ જાણતું નથી!

માહિતી માટે જવાબદાર એવા તમામ સત્તાધીશો બાઈ બાઈ ચારણી કરી રહ્યા છે. જિલ્લા ના વહીવટી વડા તરીકે કલેક્ટરે જાહેર પ્રેસ કોન્ફરન્સ કરી બ્લડ બેંક ના હાલ ના સ્ટેટ્સ બાબતે સ્પષ્ટતા કરવી જોઈએ. જિલ્લા ના MP, MLA તેમજ અન્ય હોદ્દેદારો એ પણ પ્રજા હિત ના આ મુદ્દા બાબતે પોતાનું મંતવ્ય આપવું જોઈએ.

## ડભોઈ-છોટાઉદેપુર: રેલવે પુલનું મજબૂતીકરણ પૂર્ણ

**સેક્શન** પર પુલ નંબર 130 ના સમારકામ અને મજબૂતીકરણનું કાર્ય સફળતાપૂર્વક કરવામાં આવ્યુ

(પ્રતિનિધિ) વડોદરા, તા.24

પશ્ચિમ રેલ્વેના એન્જિનિયરિંગ વિભાગે ડભોઈ-છોટા ઉદેપુર સેક્શન પર પુલ નંબર 130 પર સમારકામ અને મજબૂતીકરણનું કામ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. આ કાર્યથી પુલની માળખાકીય મજબૂતાઈ અને લાંબા ગાળાની સલામતીમાં નોંધપાત્ર વધારો થયો છે.

નદીના પટમાં ગંભીર સ્કાઉરિંગને કારણે પુલ પ્રભાવિત થયો હતો, જેના કારણે પાઈલ કેપ્સ નીચે થાંભલાઓ ખુલ્લા પડી ગયા હતા, જેનાથી માળખાકીય સલામતી માટે પડકાર ઉભો થયો હતો. મુખ્ય મજબૂતીકરણ કાર્યમાં ખુલ્લા થાંભલાઓની સફાઈ અને ગ્રાઉટિંગ અને 1.4 મીટર લાઈનર્સ ઈન્સ્ટોલ કરવાનો સમાવેશ થતો હતો. પિયર જેકેટિંગ અને હાલના પાયામાં નવા થાંભલાઓનું એકીકરણ હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્ય અત્યંત કાળજી, ઉચ્ચ ગુણવત્તાના ધોરણો અને સલામતીના પગલાં સાથે હાથ ધરવામાં આવ્યું હતું.



## સાવલી: ચૂંટણીની જંગ માટે તંત્ર સજ્જ; 26મીએ મતદાન, 28મીએ પરિણામ

(પ્રતિનિધિ) સાવલી, તા.24

સાવલી તાલુકામાં આગામી 26 મી એ યોજાનારી સ્થાનિક સ્વરાજની જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકા ની ચૂંટણી માટે મતદારો નિષ્પક્ષ અને નિર્ભય રીતે મતદાન કરી શકે તે માટે તાલુકાનું તમામ વહીવટી તંત્ર એ તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દીધો છે અને તાલુકા નું તમામ તંત્ર ચૂંટણી કામગીરીમાં વ્યસ્ત થઈ ગયું છે.

સાવલી તાલુકામાં આગામી 26 મી એ તાલુકા પંચાયતની 22 બેઠકો માટે 69 ઉમેદવારો મેદાનમાં છે જ્યારે જિલ્લા પંચાયતની પાંચ બેઠકો માટે 13 ઉમેદવારો મેદાનમાં છે જ્યારે નગરપાલિકાના છ વોર્ડ ની 24 બેઠકો માટે 49 ઉમેદવાર મેદાનમાં છે જેમાં વોર્ડ નંબર ત્રણ ની ભાજપની એક બેઠક કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ રદ થવાથી બિનહરીફ થઈ છે તાલુકા પંચાયતની 22 બેઠકો માટે કુલ 1,25, 327 મતદારો મતદાન કરનાર છે જેમાં 63,384 પુરુષ મતદાર 61,917 સ્ત્રી મતદાર અને 26 સેવા મતદારો છે મતદાન માટે કુલ 114 મકાનોમાં 155 બુથ મતદાન માટે નક્કી કરવામાં આવેલ છે જ્યારે નગરપાલિકા ના છ વોર્ડ 24 બેઠકો માટે 6 બિલ્ડિંગોમાં 12 બુથ નક્કી કરવામાં આવેલ છે પાલિકાની ચૂંટણી માટે 5586 પુરુષ મતદારો 5489 સ્ત્રી મતદારો અને બે અન્ય મતદારો મળી કુલ 11077 મતદારો મતદાન કરનાર છે નગરપાલિકામાં સૌથી વધુ મતદારો વોર્ડ નંબર 3 માં બુથ નંબર 2 માં 1121 મતદારો નોંધાયેલ છે જ્યારે સૌથી ઓછા મતદારો વોર્ડ નંબર 5 ના બુથ નંબર 2 માં 725 મતદારો નોંધાયેલ છે. જ્યારે ગોઠડા જિલ્લા પંચાયત ના ગોઠડા 2 બેઠકના કરચિયા મતદાન મથક પર સૌથી વધુ 1240 મતદારો નોંધાયેલ છે જ્યારે પીલોલ જિલ્લા પંચાયતના 21 વેમાર તાલુકા પંચાયતના ચંદ્રનગર બુથ પર સૌથી ઓછા ૧૨૧ મતદારો નોંધાયેલ છે જ્યારે મતદાન કરાવવા માટે 162 પ્રિસાઈડિંગ ઓફિસર 162 આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ ઓફિસર 367 મહિલા પોલીસ ઓફિસર ૧૫૦ પટાવાળા 20 ઝોનલ ઓફિસર 20 આસિસ્ટન્ટ ઓફિસર રૂટો પર કામ કરનાર છે જ્યારે નગરપાલિકાની ચૂંટણી માટે 14 ઓફિસર ૧૪ આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ ઓફિસર 28 સ્પેલિંગ ઓફિસર અને 14 પટાવાળા મતદાન પ્રક્રિયામાં જોડાનાર છે સમગ્ર ચૂંટણી પ્રક્રિયામાં 1000 જેટલા કર્મચારી અને અધિકારી ઓ ફરજ બજાવનાર છે.

**ચૂંટણીપ્રચારના પડઘમ સમતા પહેલાં એડીચોટીનું જોર**

## રવાલ બઠેક પર કોંગ્રેસ ભાજપ અને અપક્ષનો ત્રિપાખીઓ જંગ

**રવાલ** તાલુકા પંચાયતની બેઠક પર અપક્ષ ઉમેદવારનો કાર અને બાઈક રેલી સાથે જનસંપર્ક

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.24

ભારતીય જનતા પાર્ટીમાંથી સ્થાનિક સ્વરાજ્યની તાલુકા પંચાયતની રવાલ બેઠક પર ભાજપના કાર્યકર્તા જ્ઞાનશરણ પટેલને ભારતીય જનતા પાર્ટીમાંથી ટિકિટ નથી મળતા પાટી સામે બળવો પોકારી અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. આજે પ્રચાર પ્રસારના પડગમો સમમી ગયા છે ત્યારે ઉમેદવારોને છેલ્લી ઘડી સુધી સંપર્ક કરવા માટે કાર અને બાઈક સાથે રેલી યોજી જન સંપર્ક કરતા જનતાનો સારો પ્રતિસાદ જોવા મળ્યો હતો. જોકે તાલુકા પંચાયત રાવલની બેઠક પર હાલ ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસના ઉમેદવાર સાથે અપક્ષ ઉમેદવાર ચૂંટણી લડી રહ્યા છે તેવામાં કોની હારને કોની જીત તે મતદાન બાદ પરિણામો પરથી ખાતરી થશે પરંતુ હાલ તો અપક્ષ ઉમેદવારે 1100 મતથી વધુ બહુમતી સાથે લોકોના આશીર્વાદથી જીત મેળવશે તેવી આશા વ્યક્ત કરી હતી. વાઘોડિયા વિધાનસભામાં ભાજપ સામે ભાજપે મોરચો માંડ્યો છે તેવામાં કોને કેટલો ફાયદો થાય છે તે મતદારોનો મિજાજ જોતા પારખી શકાય તેમ નથી.

**છોટાઉદેપુરમાં પુરુષ અને સ્ત્રી મતદારોની સંખ્યા સરખી છે**

## છોટાઉદેપુરમાં ચૂંટણી પર્વ: 7.54 લાખ મતદારો કરશે મતદાન

(પ્રતિનિધિ) બોડેલી, તા.24

છોટાઉદેપુર જિલ્લામાં આગામી તા.૨૬/૦૪/૨૬ સામાન્ય ચૂંટણી-૨૦૨૬ને અનુલક્ષીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા બોડેલી નગરપાલિકા, જિલ્લા પંચાયત અને વિવિધ તાલુકા પંચાયતો માટે મતદારોની સત્તાવાર આંકડાકીય માહિતી પ્રસિદ્ધ કરવામાં આવી છે.

જે મુજબ છોટાઉદેપુર જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે મતદારોની કુલ સંખ્યા ૭,૫૪,૩૭૯ છે. આ જિલ્લામાં નોંધાયેલા કુલ મતદારોમાં ૩,૮૯,૫૪૮ પુરુષો, ૩,૬૪,૮૨૭ સ્ત્રીઓ અને ૪ અન્ય મતદારોનો સમાવેશ થાય છે.

તાલુકા પંચાયત સામાન્ય ચૂંટણી ૨૦૨૬ જિલ્લાના વિવિધ ૭ તાલુકા પંચાયતોમાં મતદારોની નોંધણી મુજબ, છોટાઉદેપુર તાલુકામાં ૧,૫૯,૯૬૬ જેમાં ૮૨૮૨૪ પુરુષ, ૭૭૧૪૦ મહિઓ અને અન્ય ૨ મતદારો, કવાંટ તાલુકામાં ૧,૫૨,૦૩૪ જેમાં ૭૮૪૨૭ પુરુષો, ૭૩૬૦૫ મહિલાઓ અને અન્ય ૨ મતદારો, જેતપુરપાવી તાલુકામાં ૯૭,૪૧૦ જેમાં ૫૦૩૯૯ પુરુષો અને ૪૭૦૧૧ મહિલાઓ , કદવાલ તાલુકામાં ૩૯,૧૧૯ જેમાં ૨૦૫૯૬ પુરુષો અને ૧૮૫૨૩ મહિલાઓ, બોડેલી તાલુકામાં ૧,૧૫,૨૬૬ જેમાં ૫૯૭૦૯ પુરુષો ૫૫૫૫૭ મહિલાઓ, સંખેડા તાલુકામાં ૭૮,૦૨૧ જેમાં ૩૯૯૩૫ પુરુષો અને ૩૮૦૮૬ મહિલાઓ અને નસવાડી તાલુકામાં ૧,૧૨,૫૬૩ મતદારોમાં ૫૭૬૫૮ પુરુષો અને ૫૪૯૦૫ મહિલાઓ નોંધાયેલા છે.

આ તમામ તાલુકાઓના મળીને કુલ ૩,૮૯,૫૪૮ પુરુષ અને ૩,૬૪,૮૨૭ સ્ત્રી અને ૪ અન્ય મતદારો છે. બોડેલી નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે કુલ ૧૮૯૫૩ મતદારોની નોંધણી કરવામાં આવી છે. જેમાં ૯૪૧૨ પુરુષો અને ૯૫૪૧ સ્ત્રી મતદારો છે, સમગ્ર છોટાઉદેપુર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય ચૂંટણી-૨૦૨૬માં કૂલ ૪૫૦૦ દિવ્યાંગ મતદારો મતદાન કરશે.

**હવે જનતા જનાર્દનનો વારો: હવે નજર મતદાન પર**

## ગરમીમાં મૂરતિયાઓ મેદાને: ડોર-ટુ-ડોર પ્રચાર સાથે અંતિમ મથામણ

**ક્યાંક** ઝાડની છાયા તો ક્યાંક બાઈક રેલી: પ્રચારના અંતિમ કલાકોમાં ઉમેદવારોની દોડધામ

(પ્રતિનિધિ) પાદરા, તા.24

આકરી ગરમી વચ્ચે પણ ચૂંટણી પ્રચારમાં ઉમેદવારોનો ઉત્સાહ ઓછો જોવા મળ્યો નહોતો. તાપમાન ઊંચું હોવા છતાં ઉમેદવારો વહેલી સવારથી જ પોતાના વિસ્તારોમાં મતદારોને મળવા માટે નીકળી પડ્યા હતા. ગરમીથી બચવા માટે ઘણા વિસ્તારોમાં ઉમેદવારો અને કાર્યકરો ઝાડની છાયામાં ઉભા રહી લોકો સાથે ચર્ચા કરતા અને મતદાન માટે અપીલ કરતા જોવા મળ્યા હતા.

ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે ઉમેદવારો દ્વારા સમયનો પૂરો ઉપયોગ કરવામાં આવ્યો હતો. હવે મતદાન માટે ગણતરીના કલાકો જ બાકી હોવાથી ઉમેદવારો વધુમાં વધુ મતદારો સુધી પહોંચવાનો પ્રયાસ કરતા રહ્યા હતા. ડોર-ટુ-ડોર સંપર્ક, નાના સમૂહોમાં બેઠકો અને વિસ્તારોમાં સતત મુલાકાતો દ્વારા મતદારોને પોતાની તરફ આકર્ષવા અંતિમ પ્રયત્ન કરવામાં આવ્યો હતો.

શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં અનેક જગ્યાએ ઉમેદવારો પોતાના સમર્થકો સાથે ડીજે, ઢોલ-નગારાઓ અને બાઈક રેલી સાથે પ્રચાર કરતા જોવા મળ્યા હતા. પ્રચાર દરમિયાન રાજકીય સૂત્રોચ્ચાર અને કાર્યકરોના ઉત્સાહથી વિસ્તારોમાં ચૂંટણીનો માહોલ વધુ ગરમાયો હતો.


આજે સાંજે 6 વાગ્યા પછી ચૂંટણી પ્રચાર પર પૂર્ણ વિરામ આવી ગયો છે. ચૂંટણી પંચના નિયમો મુજબ હવે જાહેર પ્રચાર, રેલીઓ અને સભાઓ પર પ્રતિબંધ લાગુ થઇ ગયો હતો. હવે ઉમેદવારો અને રાજકીય પક્ષોની નજર મતદાનના દિવસે વધુમાં વધુ મતદારોને મતદાન મથક સુધી પહોંચાડવા પર કેન્દ્રિત થઈ છે.

## બિલ ગામમાં ભાજપની રેલી સામે લોકોએ વિરોધ નોધાવ્યો

**'નો એન્ટ્રી'**ના બોર્ડ છતાં ભાજપના કાર્યકરો ગામમાં ઘૂસતા મામલો બિચક્યો

(પ્રતિનિધિ) 456, તા.24

વડોદરા શહેરના પાદરા રોડ પર આવેલા બિલ ગામમાં છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલો જનઆક્રોશ આજે ચરમસીમાએ પહોંચ્યો હતો. ભાજપના કાર્યકરોની રેલી ગામમાં પ્રવેશતા જ સ્થાનિક રહિશોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો, જેને પગલે કાર્યકરો અને ગ્રામજનો વચ્ચે ભારે બોલાચાલી અને બબાલના દ્રશ્યો સર્જાયા હતા. સ્થિતિ વણસતા તાત્કાલિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મામલો થાળે પાડ્યો હતો.



મળતી માહિતી મુજબ, બિલ ગામ અને આસપાસની સોસાયટીઓના રહીશોમાં સ્થાનિક પ્રશ્નોને લઈને ભાજપ સામે લાંબા સમયથી રોષ જોવા મળી રહ્યો હતો.

ગ્રામજનોએ અગાઉ જ ભાજપના નેતાઓ અને કાર્યકરો માટે 'પ્રવેશબંધી'ના બેનરો લગાવ્યા હતા. વિરોધ એટલો ઉગ્ર હતો કે અનેક સોસાયટીઓના મુખ્ય ગેટ પણ રાજકીય પ્રચાર માટે બંધ રાખવામાં આવ્યા હતા. સ્થાનિકોનું કહેવું છે કે વારંવારની રજૂઆતો છતાં સમસ્યાઓનું નિરાકરણ ન આવતા આક્રોશ ફાટી નીકળ્યો છે.